SILVER COTTAGE

SURVEY NO. 98 PAIKY 2 / PAIKY 1, T.P.S.NO.29 (AKWADA), O.P.NO.43, F.P.NO.43, AKWADA, BHAVNAGAR.

RERA REGISTRATION NO.PR/GJ/BHAVNAGAR/BHAVNAGAR/

OTHERS/_______________/___________ - DT._________

–:: ઓનરશીપ બેઈઝથી મિલકતનો વેચાણ દસ્તાવેજ ::–

ડીસ્ટ્રીકટ : ભાવનગર. **સબ–ડીસ્ટ્રીકટ : ભાવનગર.**

જત જિલ્લા ભાવનગરના તાલુકા ભાવનગર શહેરના મોજે અકવાડાના મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ (ટી.પી.સ્કીમ નં.૨૯ (અકવાડા), ઓ.પી.નં.૪૩, એફ.પી.નં.૪૩) ની રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ થયેલ જમીનના ભાવનગર મહાનગરપાલિકાએ તા.૧૮/૫/૨૦૨૩ ના રોજ મંજુર કરી આપેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબના પ્લોટસ કે જે **" સિલ્વર કોટેજ "** તરીકે ઓળખાય છે તે વસાહતના પ્લોટસ પૈકી **પ્લોટ નં.......** થી આવેલ છે જેનું ક્ષેત્રફળ **......... ચો.મી.** છે (જેના કોમન પ્લોટ તથા રસ્તાના વરાડે આવતી જમીનની બીનખેતી, લીઝ તથા આકાર ભરવાની શરતને આધીન) તે મિલકતનો વેચાણ દસ્તાવેજ.

વેચાણ કિંમત રૂ............/– **સ્ટેમ્પ ડયુટી રૂ........../–**

પ્રથમ પક્ષે લખાવી લેનાર યાને ખરીદનાર :–

....
ઉ.વ.આ....., ધર્મે–......., ધંધો–
ઠે.

(હવે પછી અહી જેમનો ઉલ્લેખ **" એલોટી "** અથવા **" ખરીદનાર "** તરીકે કરવામાં આવશે.) (તે શબ્દ પ્રયોગ (Expression) માં જો તે સંદર્ભ અથવા અર્થની વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉતરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની સહિત તમામનો સમાવેશ થશે.)

બીજા પક્ષના લખી આપનાર યાને વેચનાર :–

(૧) **વાલજીભાઈ હરજીભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૭૨, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.અકવાડા, ભાવનગરના **તે પોતે જાતે તથા**

(૨) **જોધાભાઈ હરજીભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૬૮, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.ઉપરકોટ, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગર.

(૩) **નાગજીભાઈ હરજીભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૬૦, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.અકવાડા, ભાવનગર.

(૪) **પ્રેમજીભાઈ હરજીભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૫૪, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.ઉપરકોટ, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગર.

(૫) **ધનીબેન હરજીભાઈ મકવાણા તે સાર્દુલભાઈ કંટારીયાના પત્ની,**
ઉ.વ.આ.૫૨, ધર્મે–હિન્દુ, ધંધો–ઘરકામ,
રહે.કુંભારવાડા, મુ.પીરમ, તા.ઘોઘા, જિ.ભાવનગરના
તે તમામના કુલમુખત્યાર દરજ્જે...

(૬) **ભોળાભાઈ નાકુભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૫૫, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.પાણીની ટાંકી પાસે, અકવાડા, ભાવનગરના
તે પોતે જાતે તથા...

(૭) **ગીધાભાઈ નાકુભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૭૩, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.ઉપરકોટ, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગર.

(૮) **લાલજીભાઈ નાકુભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૭૨, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
રહે.વાડી વિસ્તાર, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગર.

(૯) **મગનભાઈ નાકુભાઈ મકવાણા,**
ઉ.વ.આ.૫૨, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
૨હે.વાડી વિસ્તાર, ઘોઘા રોડ, અકવાડા, ભાવનગરના
તે **તમામના કુલમુખત્યાર દરજ્જે...**

(હવે પછી અહી જેમનો ઉલ્લેખ **" બીજા પક્ષના "** અથવા **" વેચનાર "** તરીકે કરવામાં આવશે.) (તે શબ્દ પ્રયોગ (Promoter) માં જો તે સંદર્ભ અથવા અર્થની વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉતરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, ૫૨વાનગી આપેલ એસાઈની સહિત તમામનો સમાવેશ થશે.)

જત તમો ખરીદનાર/એલોટી જોગ અમો વેચાણ આપનાર/પ્રમોટર આ પ્લોટનો વેચાણ દસ્તાવેજ નીચેની વિગતે અને શરતોએ કરી આપીએ છીએ.

(૧) જિલ્લા ભાવનગરના તાલુકા ભાવનગર શહેરના મોજે અકવાડાના મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ (ટી.પી.સ્કીમ નં.૨૯ (અકવાડા), ઓ.પી.નં.૪૩, એફ.પી.નં.૪૩) ની રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ થયેલ જમીનના ભાવનગર મહાનગરપાલિકાએ તા.૧૮/૫/૨૦૨૩ ના રોજ મંજુર કરી આપેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબના પ્લોટસ કે જે **" સિલ્વર કોટેજ "** તરીકે ઓળખાય છે તે વસાહતના પ્લોટસ પૈકી **પ્લોટ નં.......** થી આવેલ છે જેનું ક્ષેત્રફળ **......... ચો.મી.** છે (જેના કોમન પ્લોટ તથા રસ્તાના વરાડે આવતી જમીનની બીનખેતી, લીઝ તથા આકાર ભરવાની શરતને આધીન) તે ખુલ્લો પ્લોટ આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપવામાં આવે છે અને જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **' વેચાણવાળી મિલકત '** તરીકે લખી સંબોધન કરેલ છે.

(૨) વેચનાર આથી જણાવે છે કે, સદરહુ વેચાણવાળો પ્લોટ જે જમીનનો એક ભાગ છે તે મોજે અકવાડાના રેવન્યુ સર્વે નં.૯૮ ની જમીન મોજે અકવાડાના પ્રમોલગેશન સમયની નોંધ નં.૪૫ ની વિગતે કોળી હરજી ભીખા તથા નાકુ ભીખા સગીરના વાલી તેની મા લાખીના નામે નોંધાયેલ હતી. ત્યારબાદ સદરહુ જમીનના સંયુકત ખાતેદારો પૈકી નાકુભાઈ ભીખાભાઈનું અવસાન થતાં સદરહુ ખેડવાણ જમીન માંહે આવેલ તેમનો હીસ્સો તેમના કાયદેસરના અને સીધીલીટીના વારસદારો દરજજે (૧) ગીધાભાઈ નાકુભાઈ, (૨) લાલજીભાઈ નાકુભાઈ, (૩) અમૃતબેન નાકુભાઈ, (૪) હીરૂબેન નાકુભાઈ, (૫) મગનભાઈ નાકુભાઈ, (૬) કુંવરબેન નાકુભાઈ તથા (૭) ભોળાભાઈ નાકુભાઈને વારસાઈ રૂઈએ સંયુકત માલીકીપણાંમાં પ્રાપ્ત થયેલ અને તેઓ પૈકી અમૃતબેન નાકુભાઈ, હીરૂબેન નાકુભાઈ તથા કુંવરબેન નાકુભાઈએ સદરહુ જમીન માંહેનો તેમનો હીસ્સો જતો કરી આપતા મોજે અકવાડાના ગામનમુના નં.૬ હકકપત્રકની તા.૨૦/૮/૧૯૮૬ ના રોજની નોંધ નં.૮૨૬ થી (૧) ભોળાભાઈ નાકુભાઈ, (૨) ગીધાભાઈ નાકુભાઈ, (૩) મગનભાઈ નાકુભાઈ તથા (૪) લાલજીભાઈ નાકુભાઈના નામો દાખલ કરવામાં આવેલ જે નોંધ નાયબ મામલતદાર, ભાવનગરનાએ તા.૨૧/૧૨/૧૯૮૬ ના રોજ પ્રમાણિત કરી આપેલ. ત્યારબાદ સદરહુ જમીનના સંયુકત ખાતેદારો પૈકી હરજીભાઈ ભીખાભાઈનું અવસાન થતાં સદરહુ ખેડવાણ જમીનના મોજે અકવાડાના રેવન્યુ રેકર્ડમાં તેમના કાયદેસરના અને સીધીલીટીના વારસદારો દરજજે (૧) વાલજીભાઈ હરજીભાઈ, (૨) જોધાભાઈ હરજીભાઈ, (૩) નાગજીભાઈ હરજીભાઈ, (૪) પ્રેમજીભાઈ હરજીભાઈ તથા (૫) ધનીબેન હરજીભાઈના નામો વારસાઈ રૂઈએ દાખલ

કરવામાં આવેલ. ત્યારબાદ સદરહુ જમીનનો સંયુકત માલીકો વાલજીભાઈ હરજીભાઈ વિગેરેએ સદરહુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકીની કુલ ૧–૨૨–૪૨ હે.આરે.ચો.મી. ખેડવાણ જમીન પૈકીની ૦–૪૦–૪૭ હે.આરે.ચો.મી. ખેડવાણ જમીન તા.૧૮/૧૧/૨૦૧૦ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ અનુ. નં.૪૮૬૪ થી રામજીભાઈ પરશોતમભાઈને વેચાણ આપેલ જે અંગેની નોંધ મોજે અકવાડાના ગામનમુના નં.૬ હકકપત્રકે તા.૨૦/૫/૨૦૧૧ ના રોજ નોંધ નં.૨૧૧૦ થી કરવામાં આવેલ જે નોંધ મામલતદારશ્રી, ભાવનગર (ગ્રામ્ય) એ તા.૧૪/૯/૨૦૧૧ ના રોજ પ્રમાણિત કરી આપતા સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકીની ૦–૮૦–૯૪ હે.આરે.ચો.મી. જરાયત તથા ૦–૦૧–૦૧ હે.આર.ચો.મી. પોતખરાબાની મળી કુલ ૦–૮૧–૯૫ હે.આરે.ચો.મી. ના માપની ખેડવાણ જમીન મોજે અકવાડાના ગામનમુના નં.૮/અ ના ખાતા નં.૨૦૨ ના રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ થી અમો વેચનારના સંયુકત નામે નોંધાયેલ છે. ત્યારબાદ ડેપ્યુટી સેક્રેટરીશ્રી, અર્બન ડેવલોપમેન્ટ અને અર્બન હાઉસીગ ડીપાર્ટમેન્ટ, સચિવાલય, ગાંધીનગરના તા.૩/૧/૨૦૧૫ ના રોજના નોટીફીકેશન નં.કેવી/૫/૨૦૧૫/એમ.આઈ.એસ.સી./ બી.એમ.એન./ ૯૦૨૦૧૪/૫૧૧૩/પી થી ભાવનગર તાલુકાના અકવાડા ગામનો ભાવનગર મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવેલ જે અંગેની નોંધ મોજે અકવાડાના ગામનમુના નં.૬ હકકપત્રકમાં તા.૨૬/૩/૨૦૧૮ ના રોજ નોંધ નં.૨૫૨૨ થી કરવામાં આવેલ જે નોંધ સીટી મામલતદાર, ભાવનગરનાએ તા.૨૬/૩/૨૦૧૮ ના રોજ પ્રમાણિત કરી આપેલ. ત્યારબાદ ટાઉન પ્લાનીગ સ્કીમ અમલમાં આવતા સદરહુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની જમીનને ટી.પી.સ્કીમ નં.૨૯(અકવાડા) માં

આવરી લેવામાં આવેલ અને સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની ૦–૮૧–૯૫ હે.આરે.ચો.મી. જમીનને મુળ ખંડ નં.૪૩ અને અંતીમ ખંડ નં.૪૩ આપવામાં આવેલ અને અંતીમ ખંડ નં.૪૩ થી કુલ ૪,૯૧૭.૦૦ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ. સદરહુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૨૯(અકવાડા), ઓ.પી.નં.૪૩ અને અંતિમ ખંડ નં.૪૩ થી ફાળવાયેલ જમીનમાં રહેણાંકના હેતુ માટેના કુલ ૧ થી ૩૬ પ્લોટસ, કોમન પ્લોટ, રસ્તા તથા કર્વેચર સાથેનો લે–આઉટ પ્લાન ભાવનગર મહાનગરપાલિકામાં મંજુરી અર્થે રજુ રાખતા તે ભાવનગર મહાનગરપાલિકાએ તેની તા.૧૮/૫/૨૦૨૩ ના રોજની રજાચિઠ્ઠી નં.૦૬ થી મંજુર કરી આપેલ છે અને સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની ટી.પી.સ્કીમ નં.૨૯(અકવાડા), ઓ.પી.નં.૪૩ અને અંતિમ ખંડ નં.૪૩ થી ફાળવાયેલ ૪,૯૧૭.૦૦ ચો.મી. ખેડવાણ જમીન કલેકટરશ્રી, ભાવનગરનાએ તેમના તા.૧/૧૧/૨૦૨૨ ના રોજના હુકમ નં.૧૦૪૩/૧૪/૧૨/૦૦૬/ ૨૦૨૨ થી બહુહેતુક (રહેણાંક) ના હેતુ માટે બીનખેતીમાં ફેરવી આપેલ છે અને તે રીતેની બીનખેતી થયેલ જમીનમાં આવેલ રહેણાંકના હેતુ માટેના કુલ ૧ થી ૩૬ પ્લોટસ મોજે અકવાડાના ગામનમુના નં.૮/અ ના ખાતા નં.૧૫૩૨ થી અમો વેચનારાના સંયુકત નામે નોંધાયેલ છે.

(૩) ઉપરોકત રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની બીનખેતી થયેલ અને મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ અને " **સિલ્વર કોટેજ** " તરીકે ઓળખાતી વસાહતની જમીનનું વિગતવાર વર્ણન આ નીચે " **પરિશિષ્ટ–૧** " માં વર્ણવેલ છે અને તે પ્લોટસ પૈકી વેચાણવાળા **પ્લોટ નં........** જેનું ક્ષેત્રફળ **........... ચો.મી.** છે તેનું વિગતવાર વર્ણન

આ નીચે **" પરિશિષ્ટ–૨ "** માં દર્શાવવામાં આવેલ છે અને સદરહુ પરિશિષ્ટ–૨ વાળી મિલકતને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **" વેચાણવાળી મિલકત "** તરીકે સંબોધવામાં આવેલ છે. તે રીતેની વેચાણવાળી મિલકત અમો વેચનાર અમારા માલીકી કબ્જા ભોગવટાની ચોખ્ખા વેચાણ હકકવાળી, ટાઈટલ કલીયરવાળી મિલકત તરીકે વેચાણ કરવા માંગતા હોય અને તમો ખરીદનાર ખરીદ કરવા માંગતા હોય આપણે પક્ષકારો વચ્ચે વેચાણવાળી મિલકતની બજાર કિંમત **રૂા..................** અંકે રૂપિયા .... પુરા નકકી કરવામાં આવેલ હોય અને વેચનાર વેચાણવાળી મિલકત તમો ખરીદનારને વેચાણથી આપવાનું નકકી કરતા અને તમો ખરીદનાર તરફથી અમો વેચનારને વેચાણવાળી મિલકતની પુરેપુરી અવેજ રકમ નીચે દર્શાવેલ વિગતોએ ચુકવી આપવામાં આવેલ હોય તેથી અમો વેચનાર તરફથી વેચાણવાળી મિલકતો શાંત, ખાલી, નિર્ભય અને પ્રત્યક્ષ કબ્જો તમો ખરીદનારને આજરોજ સુપ્રત કરવામાં આવેલ છે અને સદરહુ વેચાણવાળી મિલકતના અમો વેચનારના માલીકી હકક, અધિકાર અંગેનો અઘાટ વેચાણ દસ્તાવેજ તમો ખરીદનાર જોગ લખી આપીએ છીએ અને વેચાણવાળી મિલકત પરત્વેના અમો વેચનારના તમામ માલીકી હકકો અને અધિકારો ઉઠાવી લઈએ છીએ અને તમો ખરીદનાર વેચાણવાળી મિલકતના સંપુર્ણ માલીક બનેલ છો.

(૪) અમો વેચનારને વેચાણવાળી મિલકતના વેચાણ અવેજની રકમ **રૂા..............** અંકે રૂપિયા .... પુરા નીચેની વિગતે વેચાણ અવેજ મળ્યાની પહોંચની વિગતે મળી ગયેલ છે જેની આથી

પહોંચ લખી આપીએ છીએ તેમજ કબુલ રાખીએ છીએ કે, વેચાણવાળી મિલકતનો અવેજ બાકી રહેતો નથી અને તેથી આજરોજ અમો બીજા પક્ષના વેચનાર આજરોજ તમો ખરીદનારને આ વેચાણવાળી મિલકતનો પ્રત્યક્ષ કબ્જો સોંપી આપીએ છીએ.

(૫) સદરહુ પ્રોજેકટનું નામ અમો વેચનારે **" સિલ્વર કોટેજ "** રાખેલ છે તે નામમાં તમો કયારેય કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકશો નહી કે બદલી શકશો નહી.

(૬) અમો વેચનાર જણાવીએ છીએ કે, આજરોજ વેચાણવાળી મિલકતના અવેજની પુરેપુરી રકમ તમો ખરીદનાર પાસેથી ચુકતે હીસાબે વસુલ મળી ગયેલ હોય તમો ખરીદનારને વેચાણવાળી મિલકતનો ખાલી, શાંત, પ્રત્યક્ષ અને વાસ્તવિક કબ્જો સોંપી આપેલ છે અને તમો ખરીદનારે વેચાણવાળી મિલકતનો ખાલી, શાંત, પ્રત્યક્ષ અને વાસ્તવિક કબ્જો જોઈ તપાસી સંભાળી લીધેલ છે તેથી વેચાણવાળી મિલકતના કબ્જા અંગે કોઈ તકરાર નથી. સદરહુ વેચાણવાળી મિલકતના તમો ખરીદનાર કુલ અને સ્વતંત્ર માલીક થયેલ છો તેથી હવે પછી આ વેચાણવાળી મિલકતનો તમો ખરીદનાર કુલ માલીક તરીકે મકાન બાંધકામ કરી વસવા–વસાવવા, ઉપયોગ, ઉપભોગ ભોગવટો કરવા કે અન્યને કરાવવા, ભાડે આપવા, વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ રીતે મનચાહે તે રીતે કાયદેસરનો વપરાશ, નિકાલ કરવા હકકદાર થાઓ છો. અમો વેચનારને વેચાણવાળી મિલકત અંગે જે કાંઈપણ હકક, હીત, અધિકાર મળેલ હોય કે ઠરાવવામા આવે અગર તો માનવામાં આવે તે તમામ તમો ખરીદનારને આ વેચાણ દસ્તાવેજના અવેજમાં પ્રાપ્ત થયેલ છે અને તે તમામનો ઉપયોગ કરવા તમો ખરીદનારને હકક અને અધિકાર રહેશે. સદરહુ પ્રોજેકટવાળી જમીનના

બીનખેતીના હુકમની શરતો અને જોગવાઈઓનું પાલન કરવાની જવાબદારી ખરીદનારની રહેશે. વેચનાર તરફથી પ્રોજેકટ જમીનનું લેવલીંગ અને પ્લોટ વેરીફીકેશન કરી સદર વેચાણવાળી મિલકતનું ખુંટ–માપ કરાવી આપેલ છે. ભવિષ્યમાં નવુ કાંઈ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ કરવાનુ થાય તો ખરીદનારે અન્ય મિલકત ધારકો સાથે સંયુકત રીતે ખર્ચ ભોગવી કરાવવાનું રહેશે જે અંગે વેચનારની કોઈ જવાબદારી રહેશે નહી કે ઉભી થશે નહી.

(૭) વેચાણવાળી મિલ્કત અમો વેચનારે તદન બોજારહીત અને ચોખ્ખા માલીકી હકક સાથે ઈઝમેન્ટ રાઈટસ સહીત તમો ખરીદનારને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે. સદરહુ વેચાણવાળી મિલ્કત ઉપર અમો વેચનાર સિવાય અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, સોસાયટી, મંડળી, પેઢી, બેંક કે કંપનીનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો દર–દાવો કે લાગભાગ નથી કે કોઈના ટેનન્સી રાઈટ નથી અને સદરહુ વેચાણવાળી મિલ્કતમાં ત્રાહીતના કોઈપણ પ્રકારના લેણાં, બોજા, ચાર્જ કે લીયન નથી તથા વેચાણવાળી મિલ્કત ઉપર ગીરોનો કે અન્ય કોઈપણ પ્રકારનો બોજો નથી અને વેચાણવાળી મિલ્કત અમો વેચનારે કોઈ જગ્યાએ તારણમાં મુકેલ નથી તેમજ અમોએ કોઈપણ સીકયુરીટીમાં સદરહુ મિલ્કત માંડી આપેલ કે લખી આપેલ નથી. સદરહુ વેચાણવાળી મિલ્કતથી અમો વેચનાર કોઈના જામીન થયેલ નથી અને જામીનગીરી પેટે સદરહુ મિલ્કત તારણમાં મુકેલ નથી કે કોઈપણ જાતનો બોજો ઉત્પન્ન કરેલ નથી અને ચોખ્ખા માલીકી હકક સાથે વેચાણ આપેલ છે અને સદરહુ મિલ્કત સરકારી, અર્ધ–સરકારી, સહકારી કે અન્ય કોઈ સંસ્થાના એકવીઝેશન, રેકવીઝેશન કે રીઝર્વેશનમાં નથી અને વેચાણવાળી મિલ્કતના વેચાણ હસ્તાંતર સામે કોઈપણ પ્રકારના કોઈપણ કોર્ટ કચેરીના મનાઈહુકમ નથી તેમજ કોઈપણ

પ્રકારના લીટીગેશન, દાવા ફરીયાદ પેન્ડીગ નથી. સદરહુ વેચાણવાળી મિલ્કત ઉપર કોઈપણના ભરણપોષણ કે ખાધાખોરાકીના અધિકારો પોષાતા નથી તેમજ સદરહુ મિલ્કત ઉપર કોઈપણનો રહેણાંકનો કે ભરણપોષણનો કોઈ હકક નથી. તેમ છતાં, ભવિષ્યમાં કોઈના તરફથી કોઈપણ પ્રકારનો હકક હુકમ બતાવી દર દાવો ફરીયાદ કરવામાં આવે તો તે અંગેની સંપુર્ણ જવાબદારી અમો વેચનારના શીરે રહેશે.

(૮) વેચાણવાળી મિલ્કત સરકારી, અર્ધ–સરકારી કચેરી, ભાવનગર મહાનગરપાલિકા, અકવાડા સીટી તલાટી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી. તથા અન્ય આનુષાંગિક ઓફીસના રેકર્ડમાં તમો ખરીદનારના નામે ચડાવી દેવા માટે એટલેકે તમો ખરીદનારના નામે નામ ટ્રાન્સફર કરાવવા માટે અને તમો ખરીદનારના નામ દાખલ કરાવવા માટે જયારે પણ જયાં જયાં જરૂર પડે ત્યારે અમો વેચનારે સહીઓ કરી–કરાવી આપવાની છે તથા જયારે રૂબરૂ હાજર રહેવાની જરૂર હોય ત્યાં આગળ અમો વેચનારે રૂબરૂ હાજર રહેવાનુ છે અને નામ ટ્રાન્સફરની કાર્યવાહીમાં પુરતો સાથ સહકાર આપવાનો રહેશે પરંતુ તે અંગેનો તમામ ખર્ચ તમો ખરીદનારે એકલાંએ ભોગવવાનો રહેશે.

(૯) સદરહુ વેચાણવાળી મિલ્કતના સરકારી, અર્ધ–સરકારી કચેરી, ભાવનગર મહાનગરપાલિકા, અકવાડા સીટી તલાટી તથા સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ભરવાના થતાં વેરા, લીઝ વિગેરેની રકમ આજ વેચાણ દસ્તાવેજ તારીખ સુધીની અમો વેચનારે ભરપાઈ કરી આપેલ છે અને આજ તારીખ પછીના આવા તમામ વેરાની રકમ તમો ખરીદનારે ભરવાની રહેશે અને તેની જવાબદારી તમો ખરીદનારની રહેશે.

(૧૦) સદરહુ જમીનના મંજુર થયેલ લે–આઉટ પ્લાન મુજબ સાર્વજનિક હેતુ માટેની જમીન તથા આંતરીક રસ્તાઓ વિગેરે જમીનની લીઝ, બીનખેતી આકાર તથા જિલ્લા પંચાયત ઉપકર, લોકલ ફંડ, સેસ, શિક્ષણ ઉપકર વિગેરે કરવેરાઓ તમામ પ્લોટ માલિકોને વરાડે આવતો ભાગ ઉમેરાશે અને તે મુજબ બીનખેતી આકાર, લીઝ લેવામાં આવશે તેમજ લીઝ ઉપરાંત મહેસુલી કર, લોકલ ફંડ, સેસ તથા શિક્ષણ કર તથા આ મિલકતને લગતા આવતા અન્ય કરો તમો ખરીદનારે ભરવાના છે. સદરહુ વેચાણવાળી જમીનની બીનખેતી મંજુરીના હુકમમાં દર્શાવેલ તમામ શરતો તમો ખરીદનારે વાંચી, વંચાવેલ છે અને સમજેલ છે અને આ તમામ શરતોનું તમો ખરીદનારે પાલન કરવાનુ તથા વર્તવાનું રહેશે. જો તમો તેનો ભંગ કરશો તો તેની શરતભંગ અંગેની તમામ જવાબદારી તમો ખરીદનારની રહેશે. સદરહુ જમીનની વાર્ષિક બીનખેતી આકાર, લીઝ તથા બીજા કરવેરામાં નામદાર સરકારશ્રી વખતો વખત જે ફેરફાર કરે તે મુજબ તમો ખરીદનારે પ્રતિ વર્ષ નિયમીત રકમ ભરવાની છે અને તે અંગે અમો વેચનારની કોઈ જવાબદારી નથી. આજથી આ તમામ કરવેરાઓ, ચાર્જિસ વિગેરે ભરવાની તમામ જવાબદારી તમો ખરીદનારની રહેશે.

(૧૧) તમો ખરીદનારે સદરહુ વેચાણવાળા પ્લોટની જમીન જોયેલ છે અને જેમ છે તે હાલતમાં જોઈ તપાસીને સંભાળેલ છે તથા વેચાણવાળા પ્લોટ ફરતે તમો ખરીદનાર જે કાંઈ વાયર ફેન્સીગ અગર કમ્પાઉન્ડ વોલ બનાવો તે લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ ફકત તમારી હદમાં જ કરવાનું રહેશે તથા નકશામાં મુકેલ ગોળાઈ મુજબની જમીન છોડીને ફેન્સીગ અગર કમ્પાઉન્ડ વોલ કરવાની રહેશે.

(૧૨) આજુબાજુના પ્લોટની જમીન કે રસ્તા ઉપર કોઈ દબાણ કરવાનુ નથી અને જો તેમ કરવામાં આવશે તો વેચનાર તમારા ખર્ચે કાયદેસર કાર્યવાહી કરી દબાણ ખુલ્લુ કરાવવા હકકદાર રહેશે. તમો ખરીદનારે કોમન રસ્તા તથા કોમન પ્લોટ વિગેરેનો સહીયારો મજમો ઉપયોગ કરવાનો છે તેમજ અન્ય મિલકત ધારકોને નુકશાન પહોંચે કે અડચણ થાય તેવુ કોઈપણ પ્રકારનું દબાણ કે કાર્ય કરવાનુ નથી.

(૧૩) વેચાણવાળી મિલકત પરત્વેના અમો વેચનારના માલીકી હકક દર્શાવતા દસ્તાવેજી આધારો અમો વેચનારે તમો ખરીદનારને નીચેની વિગતે સોંપી આપેલ છે જે તમો ખરીદનારે જોઈ તપાસી સંભાળી લીધેલ છે.

(૧) મોજે અકવાડાના રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની જમીનના ગામનમુના નં.૭/૧૨ તથા ૮/અ ના ઉતારાની નકલો.

(૨) મોજે અકવાડાના રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની જમીનના ગામનમુના નં.૬ હકકપત્રકની ઉતરોતર નોંધોની નકલો.

(૩) સદરહુ જમીનનો ભાવનગર મહાનગરપાલિકા તરફથી મુસદારૂપ નગર રચના યોજના નં.૨૯(અકવાડા) નો આપવામાં આવેલ પાર્ટપ્લાનની નકલ.

(૪) ભાવનગર મહાનગરપાલિકા તરફથી તા.૨/૭/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ ઝોનીગ સર્ટીફીકેટની ઝેરોક્ષ નકલ.

(૫) અકવાડાના રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની જમીનનો ભાવનગર મહાનગરપાલિકાએ મંજુર કરી આપેલ લે–આઉટ પ્લાનની નકલ તથા તેની તા.૧૮/૫/૨૦૨૩ ના રોજની રજાચિઠ્ઠી નં.૦૬ ની ઝેરોક્ષ નકલ.

(૬) અકવાડાના રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની જમીનને કલેકટરશ્રી, ભાવનગરનાએ તેમના તા.૧/૧૧/૨૦૨૨ ના રોજના હુકમ નં.૧૦૪૩/૧૪/૧૨/૦૦૬/૨૦૨૨ થી બહુહેતુક (રહેણાંક) ના હેતુ માટે બીનખેતીમાં ફેરવી આપેલ તે હુકમની ઝેરોક્ષ નકલ.

(૭) અકવાડાના રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ ની જમીન માંહેના બીનખેડવાણ પ્લોટસના અમો વેચનારના નામ જોગના મોજે અકવાડા ગામના ગામનમુના નં.૨ તથા ૮/અ ના ઉતારાની ખરીનકલો.

(૮) સદરહુ જમીન સંબંધે જોધાભાઈ હરજીભાઈ વિગેરેએ તા............... ના રોજ રજી. અનુ. નં.......... થી વાલજીભાઈ હરજીભાઈ જોગ લખી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

(૯) સદરહુ જમીન સંબંધે ગીધાભાઈ નાકુભાઈ વિગેરેએ તા............... ના રોજ રજી. અનુ. નં.......... થી ભોળાભાઈ નાકુભાઈ જોગ લખી આપેલ કુલમુખત્યારનામાની નકલ.

(૧૦) " રેરા " અન્વયેના નોંધણી પ્રમાણપત્રની નકલ.

(૧૪) સદરહુ વેચનારના તમામ પ્રકારના હકકો જેવા કે, માલીકી, કબ્જા સહીત ખરીદનારને આ પ્લોટ વેચાણ આપેલ છે અને ખરીદ કરેલ પ્લોટનો કબ્જો વિના તકરારે સંભાળી લીધેલ છે.

(૧૫) આપણે બંને પક્ષકારો વચ્ચે થયેલ ડોકયુમેન્ટસને લગતા કોઈપણ પ્રકારના કોર્ટ પ્રોસીડીગ્સ માટેનું જયુરીસ્ડીકશન ભાવનગર શહેર રહેશે જેની જાણ તમો પ્લોટ ખરીદનારને કરવામાં આવેલ છે.

(૧૬) તમો ખરીદનારે સદરહુ પ્લોટનો ઉપયોગ કલેકટરશ્રી, ભાવનગરનાએ તેમના બીનખેતી હુકમમાં જણાવેલ શરતોને આધિન કરવાનો રહેશે.

(૧૭) બીજા પક્ષના વેચનારે સદરહુ જમીનનો આખરી લે–આઉટ/વિકાસ પરવાનગી ભાવનગર મહાનગરપાલિકા પાસેથી તા.૧૮/૫/૨૦૨૩ ના રોજ રજાચિઠ્ઠી નં.૦૬ થી મેળવેલ છે તથા બીજા પક્ષના વેચનાર બાંહેધરી આપે છે તથા કબુલ કરે છે કે, મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં " રેરા " કાયદાની કલમ–૧૪ મુજબ જે અન્ય કાનુન લાગુ પડતા હોય તેના અનુપાલન સિવાય કોઈ અનઅધિકૃત ફેરફાર નહી કરે તેમજ બીજા પક્ષના વેચનારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ ની જોગવાઈ હેઠળ સદરહુ જમીન અંગે **" સિલ્વર કોટેજ "** નામથી રજી. નં.PR/GJ/BHAVNAGAR/BHAVNAGAR/OTHERS/__________ ___/__________, તા........... ના રોજથી નોંધણી કરાવવામાં આવેલ છે અને તે અંગેનું એગ્રીમેન્ટ ફોર સેલ અમોએ "રેરા" કાયદાની કલમ–૧૪ મુજબ અનુક્રમ નં..........., તા................ થી નોંધાવેલ છે અને એગ્રીમેન્ટ ફોર સેલની તમામ શરતોનું પાલન થયેલ છે.

વધુમાં, આ લેખની બોલીઓ તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે બાબત અરસપરસની સંમતિથી ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નીવડે ત્યારે રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક–૨૦૧૬ તથા તે હેઠળ નિયમો તથા નિમવામાં આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

(૧૮) તમો ખરીદનાર તથા અન્ય પ્લોટ ધારકોએ પ્રમોટરને સાથ–સહકાર આપી સોસાયટીનું રજીસ્ટ્રેશન કરવામાં મદદરૂપ થવાનુ રહેશે અને આ કાર્ય માટે ટાઈમ–ટુ–ટાઈમ સહી કરી આપવાની રહેશે અને તેની રજીસ્ટ્રેશનની કાર્યવાહી માટે જરૂરી ડોકયુમેન્ટ તથા વિગતો પ્રમોટરને સાત દીવસમાં પુરી પાડવાની રહેશે તેમજ પ્રમોટર નકકી કરે તે નામથી સોસાયટીનું રજીસ્ટ્રેશન કરવાના અધિકાર રહેશે.

(૧૯) **" સિલ્વર કોટેજ "** તરીકે ઓળખાતી જમીનમાં આવેલ પ્લોટ ધારકોએ વસાહતના કોમન રસ્તાઓ, કોમન પ્લોટ તથા આંતરીક પીવાના પાણીની લાઈનો, ડ્રેનેજ લાઈનોની મરામત તથા સાફ–સફાઈ તથા સિકયુરીટી વિગેરેની જાળવણી અને દેખરેખ વગેરે સારૂ એસોસીએશન ઓફ પર્સનની અથવા સોસાયટીની રચના કરવામાં આવે તેમાં સભાસદ તરીકે ફરજીયાત જોડાવાનું રહેશે અને સભાસદ તરીકે **' સિલ્વર કોટેજ '** ઓળખાતી જમીનમાં આવેલ કોમન રસ્તા અને કોમન પ્લોટના ઉપયોગ કરવાના વપરાશી હકકો પ્રાપ્ત કરી શકશે અને તેવી કોમન સુવિધાઓ અંગે વરાડે આવતી કોમન મેઈન્ટેનન્સ ખર્ચ અને નામદાર સરકારશ્રીના બીનખેતીના વેરાની રકમ, શિક્ષણ ઉપકર અને લોકલ ફંડની રકમ તથા ભાવનગર મહાનગરપાલિકા તરફથી વસુલવામાં આવતા તમામ વેરા પોતાના પ્લોટની જમીનના વરાડ પ્રમાણે તમો ખરીદનારે ચુકવવાની રહેશે અને મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં મુકવામાં આવેલ કોમન પ્લોટ અને આંતરીક ચાલના મજમા રસ્તાનો ઉપયોગ મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેના તમામ પ્લોટ ધારણકર્તાઓ કરી શકશે અને તેમાં કોઈપણ પ્લોટ હોલ્ડરની સ્વતંત્ર માલીકી રહેશે નહી અને આ મેઈન્ટેનન્સ માટે જરૂરી ખર્ચ તમામ પ્લોટ ધારકોએ વરાડે પડતો કાઢીને કરવાનો

રહેશે અને આવા વપરાશી હકકો **" સિલ્વર કોટેજ "** તરીકે ઓળખાતી જમીનના દરેક પ્લોટ ધારકોની સંયુકત યાને મજમી ગણાશે.

(૨૦) ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મંજુર કરેલ આખરી લે–આઉટ પ્લાન તા.૧૮/૫/૨૦૨૩ ના રોજની રજાચિઠ્ઠી નં.૦૬ માં દર્શાવ્યા મુજબના કોમન પ્લોટ તેમજ આંતરીક ચાલના મજમા રસ્તાઓનો ઉપયોગ સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૩/૯/૧૯૯૩ ના પરિપત્રની જોગવાઈ મુજબ તેમજ કલેકટરશ્રી, ભાવનગર દ્વારા તા.૧/૧૧/૨૦૨૨ ના રોજના હુકમ નં.૧૦૪૩/૧૪/૧૨/૦૦૬/૨૦૨૨ માં દર્શાવેલ શરતોના પારા–૫ માં જણાવ્યા પ્રમાણે કોમન પ્લોટ તથા આંતરીક રસ્તાઓનો ઉપયોગ પ્લોટ નં.૧ થી ૩૬ ના તમામ પ્લોટ ધારકો કરી શકશે અને આવી કોઈ કોમન સુવિધાઓ કોઈપણ પ્લોટ ધારકની અલગ રીતે ગણવાની નથી પરંતુ તમામ પ્લોટ ધારકો સંયુકત રીતે વપરાશ કરી શકશે અને કોઈપણ પ્લોટ ધારક આવા કોમન વપરાશની સુવિધાઓના વપરાશ બાબતે અન્ય કોઈ પ્લોટ ધારકને અડચણ, અટકાયત કે રૂકાવટ કરવા હકકદાર રહેશે નહી તેમજ મંજુર થયેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ નાંખવામાં આવેલ પાણી, ડ્રેનેજ તથા સ્ટ્રીટ લાઈટ તેમજ રસ્તાઓની તેમજ કોમન પ્લોટ વિગેરેની જાળવણી તથા નિભાવણી તમામ પ્લોટ ધારકોએ વરાડે પડતી ખર્ચની રકમ કાઢીને કરવાની રહેશે અને આવી રકમ ચુકવવા માટે કોઈપણ પ્લોટ ધારક આનાકાની કરી શકશે નહીં.

(૨૧) **<u>અલગતા બાબત</u> :–**

આ દસ્તાવેજ હેઠળની કોઈ જોગવાઈ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદ પાત્ર હોય

અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો કરારની જોગવાઈઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે અસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમને સુસંગત હોય તેટલે સુધી આ દસ્તાવેજની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને દસ્તાવેજ સહી કરતી વખતે જે રીતે લાગુ પાડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

(૨૨) પ્રોજેકટ ફાળવણીથી મેળવનારની તરફેણમાં હસ્તાંતરણ દસ્તાવેજથી મેળવનારાઓના સંઘ અથવા સક્ષમ સત્તામંડળ જે લાગુ પડતુ હોય તેનું મજિયારા વિસ્તારોમાં અવિભાજીત પ્રમાણપત્ર ટાઈટલ સહિત કરી આપવાનું રહેશે અને રીયલ એસ્ટેટ પ્રોજેકટમાં પ્લોટોના કોમન વિસ્તારોનું જે કાંઈ લાગુ પડતુ હોય તેનો ફાળવણીથી મેળવનારાઓને તથા મજિયારા વિસ્તારોનો ફાળવણીથી મેળવનારાઓના સંઘ અથવા સક્ષમ સત્તામંડળ જે લાગુ પડતુ હોય તેને પ્રત્યક્ષ કબ્જો તેમજ સ્થાનિક કાયદાઓમાં દર્શાવ્યા પ્રમાણેના મંજુર થયેલ પ્લાન મુજબના તેને લગતા અન્ય ટાઈટલના દસ્તાવેજો નિયત કરેલ સમયમાં સુપ્રત કરવાના રહેશે. એ શરતે કે કોઈ સ્થાનિક કાયદાની અનુપસ્થિતિમાં આ કલમ હેઠળ ફાળવણીથી મેળવનાર અથવા ફાળવણીથી મેળવનારના સંઘ અથવા સક્ષમ સત્તામંડળ જે લાગુ પડતુ હોય તેની તરફેણમાં પ્રયોજક દ્વારા હસ્તાંતરણનો દસ્તાવેજ કરી આપવાનો રહેશે.

(૨૩) વેચાણવાળી મિલ્કતના આ વેચાણ દસ્તાવેજ કરતાં થયેલ સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, ફોલીયો ચાર્જ, કોમ્પ્યુટર–ઝેરોક્ષ ખર્ચ, વકીલ લખાઈ ફી વિગેરે તમામ ખર્ચ તમો ખરીદનારે એકલાએ ભોગવેલ છે.

(૨૪) આ વેચાણ દસ્તાવેજનું લખાણ રૂા.........../– ની ધારાસર થતી સ્ટેમ્પ ડયુટી ભરપાઈ કરી આપી તથા સાથે વધારાના સફેદ પેપર જોડી પુર્ણ કરેલ છે.

–:: વેચાણ અવેજ મળ્યા બદલની પહોંચ ::–

અમો વેચનારને તમો ખરીદનાર પાસેથી સદરહુ વેચાણવાળી મિલ્કતની અવેજની રકમ રૂા............/– અંકે રૂપિયા .... પુરા નીચેની વિગતે ચુકતે હીસાબે વસુલ મળી ગયેલ છે જેથી અવેજ બાબતે આપણે પક્ષકારોને કોઈ વાંધો કે તકરાર રહેતા નથી.

રૂા............	અંકે રૂપિયા .... પુરા ...., ભાવનગરના તા......... ના રોજના અમો બીજા પક્ષના વેચનારના નામના રેરા એકાઉન્ટના નામ જોગના ચેક નં........... થી મળી ગયેલ છે.
રૂા............	**અંકે રૂપિયા .... પુરા.**

–: પરિશિષ્ટ–૧ :–

–: પ્રોજેકટવાળી મિલકતનું વર્ણન :–

ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ : ભાવનગર, સબ–ડીસ્ટ્રીકટ : ભાવનગરના તાલુકા ભાવનગર શહેરના મોજે અકવાડાના મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ (ટી.પી.સ્કીમ નં.૨૯ (અકવાડા), ઓ.પી.નં.૪૩, એફ.પી.નં.૪૩) ની રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ થયેલ જમીનના ભાવનગર મહાનગરપાલિકાએ તા.૧૮/૫/૨૦૨૩ ના રોજ મંજુર કરી આપેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબના પ્લોટસ કે જે **" સિલ્વર કોટેજ "** નામથી ઓળખાતી વસાહત જેની...

<u>ચર્તુઃદિશા</u> :–

<u>ઉતરે</u>	:	૧૨.૦૦ મીટર પહોળો ડી. પી. રોડ તથા એફ.પી.નં.૧૧૯ ની જમીન આવેલ છે.
<u>દક્ષિણે</u>	:	સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૨ ની જમીન આવેલ છે.
<u>પૂર્વે</u>	:	સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૨ ની જમીન આવેલ છે.
<u>પશ્ચિમે</u>	:	સર્વે નં.૯૯ પૈકી ૧ તથા ૯૯ પૈકી ૨ નીજમીન આવેલ છે.

–: <u>પરિશિષ્ટ–૨</u> :–

–: <u>વેચાણવાળા પ્લોટનું વર્ણન</u> :–

ગુજરાત રાજયના રજી. ડીસ્ટ્રીકટ : ભાવનગર, સબ–ડીસ્ટ્રીકટ : ભાવનગરના તાલુકા ભાવનગર શહેરના મોજે અકવાડાના મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ થયેલ રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ૨ પૈકી ૧ (ટી.પી.સ્કીમ નં.૨૯ (અકવાડા), ઓ.પી.નં.૪૩, એફ.પી.નં.૪૩) ની રહેણાંકના હેતુ માટે બીન ખેડવાણ થયેલ જમીનના ભાવનગર મહાનગરપાલિકાએ તા.૧૮/૫/૨૦૨૩ ના રોજ મંજુર કરી આપેલ લે–આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબના પ્લોટસ કે જે **" સિલ્વર કોટેજ "** નામથી ઓળખાતી વસાહતના પ્લોટસ પૈકી **<u>પ્લોટ નં.......</u>** થી આવેલ છે જેનું ક્ષેત્રફળ **<u>......... ચો.મી.</u>** છે (જેના કોમન પ્લોટ તથા રસ્તાના વરાડે આવતી જમીનની બીનખેતી, લીઝ તથા આકાર ભરવાની શરતને આધીન) છે જેની ચર્તુઃદિશા નીચે મુજબ છે.

<u>ચર્તુઃદિશા</u> :–

<u>ઉતરે</u> :

<u>દક્ષિણે</u> :

<u>પૂર્વે</u> :

<u>પશ્ચિમે</u> :

–: <u>વેચાણવાળા પ્લોટના ફોટોગ્રાફસ</u> :–

<u>મિલ્કતનું પોસ્ટલ એડ્રેસ</u>	:	પ્લોટ નં....., **" સિલ્વર કોટેજ " ,** રેવન્યુ સર્વે નં.૯૮ પૈકી ર પૈકી ૧, (ટી.પી.સ્કીમ નં.ર૯(અકવાડા), મુળ ખંડ નં.૪૩, અંતિમ ખંડ નં.૪૩) અકવાડા, ભાવનગર.

<u>ખરીદનારની સહી</u> :– **<u>વેચનારની સહી</u> :–**

×______________________ ×______________________

આ વેચાણ દસ્તાવેજ અમોએ અમારી રાજીખુશીથી, જીવ કાયમ રાખી વાંચી, વંચાવી, સમજી, વિચારીને સાવધ અવસ્થામાં કોઈપણ જાતનાં દબાણ વગર અવેજની ચુકતે રકમ તમારા પાસેથી વસુલ લઈને લખી આપવામાં આવે છે, તે અમોને તથા અમારા વંશ, વાલી, વારસોને કબુલ, મંજુર તથા બંધનકતા છે અને રહેશે, જેની ખાત્રી બદલ આ નીચે અમે સાક્ષીઓ રૂબરૂ અમારી સહી કરી આપી છે.

ભાવનગર. તા. /૦૮/ર૦ર૩

અત્ર______________________મતુ અત્ર______________________શાખ

<u>ખરીદનાર</u> :–

×______________________ (૧)______________________

<u>વેચનાર</u> :–

(૧)______________________ (ર)______________________

વાલજીભાઈ હરજીભાઈ મકવાણા
તે પોતે જાતે તથા

ર. **જોધાભાઈ હરજીભાઈ મકવાણા,**

૩. **નાગજીભાઈ હરજીભાઈ મકવાણા,**

૪. **પ્રેમજીભાઈ હરજીભાઈ મકવાણા,**

૫.   ધનીબેન હરજીભાઈ મકવાણા તે
     સાર્દુલભાઈ કંટારીયાના પત્ની
     તમામના કુલમુખત્યાર દરજજે...

(૬)________________________
ભોળાભાઈ નાકુભાઈ મકવાણા
તે પોતે જાતે તથા

૭.   ગીધાભાઈ નાકુભાઈ મકવાણા,
૮.   લાલજીભાઈ નાકુભાઈ મકવાણા,
૯.   મગનભાઈ નાકુભાઈ મકવાણા
     તમામના કુલમુખત્યાર દરજજે...

રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ ની કલમ–૩૨(એ) મુજબ

–:: <u>પરિશિષ્ટ</u> ::–

<u>ખરીદનાર</u> :– **<u>ફોટોગ્રાફ</u>** **<u>અંગુઠાનું નિશાન</u>**

×________________________

<u>વેચનાર</u> :–

(૧)________________________
વાલજીભાઈ હરજીભાઈ મકવાણા
તે પોતે જાતે તથા

૨.   જોધાભાઈ હરજીભાઈ મકવાણા,
૩.   નાગજીભાઈ હરજીભાઈ મકવાણા,
૪.   પ્રેમજીભાઈ હરજીભાઈ મકવાણા,
૫.   ધનીબેન હરજીભાઈ મકવાણા તે
     સાર્દુલભાઈ કંટારીયાના પત્ની
     તમામના કુલમુખત્યાર દરજજે...

(૬)______________________

ભોળાભાઈ નાકુભાઈ મકવાણા

તે પોતે જાતે તથા

૭. ગીધાભાઈ નાકુભાઈ મકવાણા,

૮. લાલજીભાઈ નાકુભાઈ મકવાણા,

૯. મગનભાઈ નાકુભાઈ મકવાણા

તમામના કુલમુખત્યાર દરજજે...